PARIPEX - INDIAN JOURNAL OF RESEARCH | Volume - 15 | Issue - 06 | June - 2026 | PRINT ISSN No. 2250 - 1991 | DOI : 10.36106/paripex

ORIGINAL RESEARCH PAPER

History

# હેમચંદ્રાચાર્ય: જીવન અને કવન

KEY WORDS:

**Dr. Zenamabibi Amumiya Kadari**

Associate Professor, Department of History and Culture, Gujarat Vidyapith, Ahmedabad, Gujarat, India

**ABSTRACT**

પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ જાણવા માટેના સાધનોમાં સહુ થી અગત્યના ગણાવી શકાય એવા પુરાતાત્વિક સાધનોની સાથે સાથે સાહિત્યિક સાધનોની પણ વિપુલતા જોવા મળે છે. અહી ગુજરાતના જૈન આચાર્ય માત્ર ધાર્મિક નહી પરંતુ ઐતિહાસિક ગ્રંથોની રચના કરીને સોલંકી કાળના ઇતિહાસને સાચવી રાખવામાં મહત્વપુર્ણ યોગદાન આપ્યું છે. અણહિલપુર પાટણનાં છટ્ઠા ચૌલુક્ય રાજવી સિધ્ધરાજ જયસિંહનાં સમયમાં ગુજરાતની સાંસ્કૃતિક સિધ્ધિઓ અનેક ગણી વધી હતી. કલા, સ્થાપત્ય, સાહિત્ય, ધર્મ વગેરે જેવા અનેક ક્ષેત્રોમાં પ્રગતિ થઇ હતી. ગુજરાતના સોલંકીઓ પરમ માહેશ્વર હતા. છતાં સર્વ ધર્મ સમભાવની નીતિમાં માનતા. એ સમયે ગુજરાતમાં જૈનધર્મનો આર્વિભાવ થઇ રહ્યો હતો. ગુજરાતના આ રાજવીના સમયમાં પ્રખર જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ તેના દરબારમાં બિરાજતા હતા. ૨૧ વર્ષની વયે ઇ.સ. ૧૧૧૦માં આચાર્ય પદે બિરાજ્યા અને નવુ નામ 'હેમચંદ્ર' અપાયુ. આચાર્ય હેમચંદ્રાચાર્યએ લગભગ ૨૫ ગ્રંથો અને ૨,૦૪,૬૫૬ શ્લોકોનું નિર્માણ કર્યું છે. જે મોટે ભાગે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલ છે. જેમાં 'સિદ્ધહેમ શબ્દાનુંશાસન', 'કાવ્યાનુશાસન', 'છંદોનુંશાસન', 'અભિધાન ચિંતામણિ', 'અનેકાર્થ સંગ્રહ','દ્રયાશ્રય', 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત', 'પરિશિષ્ટ પર્વ', 'પ્રમાણમીમાંસા', 'વેદાંકુશ', 'અર્હન્નીતિ', 'યોગશાસ્ત્ર', 'અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા', 'અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા', 'વીતરાગસ્તોત્ર', 'મહાદેવસ્તોત્ર ' વગેરે મુખ્ય છે. તેમની જ્ઞાનની વિશાળતાને કારણે જ તેમને "કલિકાલસર્વજ્ઞ" (આ કળિયુગમાં બધું જ જાણનાર) નું બિરુદ મળ્યું હતું.

સોલંકીકાળ એટલે ગુજરાતનો સુવર્ણકાળ. અણહિલપુર પાટણનાં છટ્ઠા ચૌલુક્ય રાજવી સિધ્ધરાજ જયસિંહનાં સમયમાં ગુજરાતની સાંસ્કૃતિક સિધ્ધિઓ અનેક ગણી વધી હતી. કલા, સ્થાપત્ય, સાહિત્ય, ધર્મ વગેરે જેવા અનેક ક્ષેત્રોમાં પ્રગતિ થઇ હતી. ગુજરાતના સોલંકીઓ પરમ માહેશ્વર હતા. છતાં સર્વ ધર્મ સમભાવની નીતિમાં માનતા. એ સમયે ગુજરાતમાં જૈનધર્મનો આર્વિભાવ થઇ રહ્યો હતો. ગુજરાતના આ રાજવીના સમયમાં પ્રખર જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ તેના દરબારમાં બિરાજતા હતા. આજે અહીં આ જૈનાચાર્યનાં જીવન, કવન અને ગુજરાતના સમાજ અને સંસ્કૃતિ પર તેમની અસરોની ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

### જન્મ અને પ્રારંભીક જીવન:-

હેમચંદ્રાચાર્યનો જન્મ અમદાવાદ જિલ્લાનાં ધંધૂકામાં ઇ.સ. ૧૦૮૯માં, મોઢ વણિક જ્ઞાતિમાં થયો હતો. તેમની માતાનુ નામ પાહિણી અને પિતાનું નામ ચાચિંગ હતુ. હેમચંદ્રાચાર્યનું મૂળ નામ 'ચંગદેવ' હતુ. હેમચંદ્રાચાર્યનાં અંગત જીવન વિશેની માહિતી તેમના સમકાલીન અને પરાવર્તીકાલીન ગ્રંથકારોનાં ગ્રંથો માંથી પ્રાપ્ત થાય છે. જેમાં સોમપ્રભાચાર્યનાં 'કુમારપાલ-પ્રતિબોધ', યશ:પાલનાં 'મોહ પરાજ્ય', પ્રભાચંદ્રસૂરીના 'પ્રભાવકચરિત', મેરુતુંગનાં ' પ્રબંધ ચિંતામણિ', રાજશેખરસૂરિનાં પ્રબંધ કોશ જયસિંહસૂરિના 'કુમારપાલ ચરિત' વગેરે તેમજ વીસમી સદીમાં મુનિ જિનવિજયજી સંપાદિત 'પુરાતન પ્રબંધ સંગ્રહ' અને 'કુમારપાલ ચરિત સંગ્રહ' વગેરે મુખ્ય છે.

વિવિધ પ્રબંધો માંથી મળતી માહિતી અનુસાર બાળક ચંગદેવ માતા સાથે ઉપાશ્રયમાં ગયો. ત્યારે બાળસહજ ચેષ્ટાથી દેવચંદ્રસૂરિના આસન ઉપર બેસી ગયો. ત્યારે આ બાળકનાં લક્ષણો પારખીને દેવચંદ્રસૂરિએ પાહિણી પાસે જૈન ધર્મ માટે આ બાળકની માંગણી કરી. પાહિણીએ ગુરુ આજ્ઞા માથે ચઢાવીને તેની સોંપણી દેવચંદ્રસૂરિને કરી. ઇ.સ. ૧૦૯૮માં ચંગદેવને ખંભાતમાં દીક્ષા આપીને 'સોમચંદ્ર' નામ આપવામાં આવ્યુ.

સોમચંદ્રની દીક્ષા - શિક્ષાની સઘળી જવાબદારી ખંભાતના દંડનાયક ઉદયને સંભાળી હતી. ૧૨ વર્ષનાં કઠોર વિદ્યાભ્યાસ દરમ્યાન તર્ક-લક્ષણ, સાહિત્ય વગેરે વિષયોમાં નિપુણતા મેળવી માત્ર ૨૧ વર્ષની વયે ઇ.સ. ૧૧૧૦માં આચાર્ય પદે બિરાજ્યા અને નવુ નામ 'હેમચંદ્ર' અપાયુ. નાગપુર(નાગોર) મુકામે આ સમારોહ યોજવામાં આવ્યો હતો. હેમચંદ્રની ઇચ્છા વધુ અભ્યાસ અર્થે કાશ્મીર જવાની હતી. પરંતુ ગુરુઆજ્ઞાને માન આપીને ગુજરાતમાં જ રહી સરસ્વતી દેવીની આરાધના કરી જ્ઞાનોપાર્જન કર્યુ હતુ.

### હેમચંદ્રાચાર્ય અને સિધ્ધરાજ જયસિંહ:-

ગુજરાતનો સુપ્રસિધ્ધ ચૌલુક્ય રાજવી સિધ્ધરાજ જયસિંહ ઇ.સ. ૧૦૯૪ થી ૧૧૪૨ સુધી ગુજરાતની ગાદીએ હતો. તેણે સોલંકી રાજ્યનો સારો વિકાસ અને વિસ્તાર કર્યો. તેના સમયમાં અનેક વિદ્વાનોને પોષણ મળ્યુ હતુ. જેના પરિણામે સંસ્કૃત ગ્રંથોની રચનાઓને પોષણ મળ્યુ. તેનો સમય ધર્મ અને વિદ્યા કલાના વિકાસ માટે શ્રેષ્ઠ સાબિત થયો.

હેમચંદ્રાચાર્યનું પાટણમાં આગમન ક્યારે થયુ અને રાજા સિધ્ધરાજ જયસિંહ સાથે પ્રથમ મુલાકાત ક્યારે થઇ તે અંગે કોઇ ચોક્કસ માહિતી મળતી નથી. પરંતુ સિધ્ધરાજનાં સમયમાં ઇ.સ. ૧૧૨૫માં દિગંબરવાદી કુમુદચંદ્ર અને શ્વેતાંબરવાદી દેવસૂરી વચ્ચે યોજાયેલ વાદસભામાં હેમચંદ્રાચાર્ય ઉપસ્થિત હતા. એવી વાતનો ઉલ્લેખ યશશ્ચંદ્રે રચેલ 'મુદ્રિત કુમુદચંદ્ર' નાટકમાથી મળે છે. એનો અર્થ એ થયો કે તેઓ ઇ.સ. ૧૧૨૫ પહેલા સિધ્ધરાજના સંપર્કમાં આવ્યા હતા. અને પોતાની વિદ્વતાથી દરબારમાં મહત્વનું સ્થાન પામ્યા હતા.

### હેમચંદ્રાચાર્યની કૃતિઓ:-

આચાર્ય હેમચંદ્રાચાર્યએ લગભગ ૨૫ ગ્રંથો અને ૨,૦૪,૬૫૬ શ્લોકોનું નિર્માણ કર્યું છે. જે મોટે ભાગે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલ છે. જેમાં 'સિદ્ધહેમ શબ્દાનું શાસન', 'કાવ્યાનુશાસન', 'છંદોનુ શાસન', 'અભિધાન ચિંતામણિ', 'અનેકાર્થ સંગ્રહ','દ્રયાશ્રય', 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત', 'પરિશિષ્ટ પર્વ', 'પ્રમાણમીમાંસા', 'વેદાંકુશ', 'અર્હન્નીતિ', 'યોગશાસ્ત્ર', ' અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા' , ' અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા' , 'વીતરાગસ્તોત્ર', 'મહાદેવસ્તોત્ર ' વગેરે મુખ્ય છે.

### સિધ્ધહેમશબ્દાનું શાસન:-

સિધ્ધરાજ જયસિંહે ઇ.સ. ૧૧૩૬માં માળવાના રાજા યશોવર્માને હરાવી કેદ કર્યો. માળવા જીતીને ત્યાંથી અઢળક ધનની સાથે ભોજ રાજાનો પુસ્તકભંડાર પણ પાટણમાં લાવ્યો. આ ભંડારમાં રહેલા 'ભોજ- વ્યાકરણ' પરથી સિધ્ધાજે હેમચંદ્રાચાર્યને નવુ વ્યાકરણ લખવાની પ્રેરણા આપી તથા જરૂરિયાત મુજબ કાશ્મીર અને અન્ય રાજ્યોમાંથી વિવિધ વ્યાકરણ ગ્રંથોની હસ્તપ્રતો મંગાવી આપી હતી.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલો આ વ્યાકરણ ગ્રંથ કુલ ૮ અધ્યાયોમાં વિભક્ત હતો. જેમાં પ્રથમ ૭ અધ્યાય સંસ્કૃત વ્યાકરણના ૩૫૬૬ સૂત્રો અને અંતિમ ૮મો અધ્યાય પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ ભાષાઓના વ્યાકરણનાં ૧૧૧૯ સૂત્રો ધરાવે છે. પ્રત્યેક અધ્યાય ચાર પાદમાં વિભાજીત છે. જેમાં કુલ ૩૫ શ્લોકોમાં મૂળરાજથી સિધ્ધરાજ સુધીનાં ૯ રાજાઓની પ્રશસ્તિ આપી છે. આ ગ્રંથની આગવી વિશેષતા એ છે કે, વ્યાકરણનાં પાંચ અંગો સૂત્રપાઠ, ધાતુપાઠ, ગણપાઠ, ઉણાદિસત્રો. અને લિંગાનશાસનની રચના તેમણે સ્વયં કરી છે. આ ઉપરાંત અપભ્રંશ ભાષાનું સૌપ્રથમ વ્યાકરણ તેમણે જ આપ્યુ છે. આ ઉપરાંત અપભ્રંશ ભાષાનાં સૂત્રોની વૃત્તિમાં વીરરસના, શૃંગારિક, પૌરાણિક તથા જૈન ધર્મ વિષયક ૧૭૭ દુહાઓ આપ્યા છે. જે અપભ્રંશ ભાષા સાહિત્યની મૂલ્યવાન ધરોહર સમાન છે.

આ વ્યાકરણ ગ્રંથની રચના પાછળનો હેતુ ગુજરાતના વિદ્યાર્થીઓને પાણિની, ભોજ, જૈનેન્દ્ર, વગેરેનાં કલિષ્ટ વ્યાકરણોને સ્થાને સરળ વ્યાકરણ ગ્રંથ આપવાનો રહ્યો હતો. સિધ્ધરાજે આ ગ્રંથોનો અદ્વિતિય કહી શકાય એવો લોકાર્પણ મહોત્સવ યોજ્યો હતો. હાથીની અંબાડી ઉપર એ ગ્રંથને પધરાવી નગરયાત્રા કર્યા બાદ તેનું વિધિવત પૂજન કરીને પોતાના ગ્રંથ ભંડારમાં તેને મુકાવ્યો હતો. આ ગ્રંથની નકલ કરવાને માટે ૩૦૦ લહિયાઓને

નિયુક્ત કર્યા હતા અને જુદા જુદા રાજ્યોમાં તેની નકલો મોકલાવી હતી.

### કાવ્યાનુશાસન:-
સાહિત્યશાસ્ત્રની સરળ રજુઆત કરતો ઉત્તમ શિક્ષાગ્રંથ એટલે કાવ્યાનુશાસન. હેમચંદ્રાચાર્યએ કાવ્ય તેમજ નાટ્યતત્વોની સાંગોપાંગ ચર્ચા કરતો સંસ્કૃત સાહિત્યશાસ્ત્રનો પ્રતિનિધિરૂપ સરળ ગ્રંથ લખ્યો. જેમાં ૨૦૮ સૂત્રો છે.

### છંદોનુશાસન:-
છંદોનુશાસનમાં સંસ્કૃત તથા પ્રાકૃત અપભ્રંશ છંદોની ૭૬૪ સૂત્રોમાં સમજૂતી આપવામાં આવી છે.

### અભિધાનચિંતામણી, અનેકાર્થસંગ્રહ, નિઘટ્ટકોશ:-
હેમચંદ્રાચાર્યએ આ ત્રણેય કોશગ્રંથોનુ સંપાદન કરી સંસ્કૃત ભાષાની અને 'દેશી નામ માલા'માં ૩૯૭૮ દેશ્ય શબ્દોનો સંગ્રહ કરી ગુજરાતી અને આર્ય ભાષાઓની ઘણી મોટી સેવા કરી છે. 'અનેકાર્થસંગ્રહ' ઉપર આચાર્યશ્રીના શિષ્ય મહેન્દ્રસૂરીએ 'અનેકાર્થ કૈરવાકરકૌમુદી 'નામક ટીકાની રચના કરી છે. વનસ્પતિ અને વૈદકના શબ્દોને લગતો 'નિઘંટુકોશ' તૈયાર કર્યો હતો.

### દ્વયાશ્રય:-
સિધ્ધહેમ વ્યાકરણના સૂત્રોને ભાષામાં કઇ રીતે પ્રયોગ થાય છે એનો ઉદાહરણ આપવા માટે હેમચંદ્રાચાર્યએ એક મહાકાવ્ય રચ્યું તથા બીજો હેતુ પોતાના આશ્રય દાતા રાજવીઓ સિધ્ધરાજ અને કુમારપાળના ચૌલુક્ય વંશની કીર્તિગાથા વર્ણવવી એ હતો.

સંસ્કૃત દ્વયાશ્રયમાં ૨૦ સર્ગ છે જેમાં ૨૪૩૫ શ્લોકો છે. જ્યારે પ્રાકૃત દ્વયાશ્રય'કુમારપાળ ચરિત;' નામથી પ્રચલિત છે. આ ગ્રથની  વિશેષ મહત્તા એ છે કે, આ ગ્રંથ માથી પ્રાચીન તથા મધ્યકાલીન ગુજરાતના રાજકીય ઇતિહાસ સમાજ, સંસ્કૃતિ વગેરે વિષયક ઘણી પ્રામાણિક અને ઐતિહાસિક સામગ્રી મળી આવે છે. ભારતના ઐતિહાસિક ગ્રંથોમાં 'રાજતરંગિણી' પછી બીજા ક્રમે આવતો આ ઇતિહાસ ગ્રંથ છે.

### ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત:-
કુમારપાળની વિનંતીથી રચાયેલ આ ગ્રંથમાં આચાર્યશ્રીની સર્વતોમુખી પ્રતિભાનાં દર્શન થાય છે. અનુષ્ટુપ છંદમાં રચાયેલ ૩૬,૦૦૦ શ્લોકો તથા ૧૦ પર્વોમાં વિભક્ત જૈન-પુરાણ ગ્રંથ છે. જેમાં ૬૩ મહાપુરૂષો જેવા કે, ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ બળદેવો અને ૯ પ્રતિવાસુદેવોનું ચરિત્ર વર્ણવવામાં આવ્યુ છે. મહાકાવ્યનાં સઘાળા લક્ષણોથી અલંકૃત એવા આ ગ્રંથમાંથી તે સમયની સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થાય છે.

આ જ કૃતિના અનુસંધાનમાં રચાયેલ 'પરિશિષ્ટપર્વ' માં ૧૩ સર્ગ અને ૩૪૫૦ શ્લોકોમાં જમ્બૂસ્વામી થી વજ્રસ્વામી સુધીનાં ૧૩ પટ્ટધરોનાં ચરિત્રો નિરૂપવામાં આવ્યા છે. આ ઉપરાંત 'વીતરાગસ્રોત' અને 'મહાદેવસ્રોત' એ તેમના જૈનધર્મનાં દાર્શનિક તત્વોથી અનુપ્રાણિત સ્રોતકાવ્યો છે. આ ઉપરાંત ન્યાય-તર્ક-પ્રમાણ શાસ્ત્રને લગતી 'પ્રમાણમીમાંસા' તેમજ કુમારપાળની વિનંતીથી 'યોગશાસ્ત્ર' ની પણ રચના કરી.

### હેમચંદ્રાચાર્યનું ઇતિહાસ આલેખનમાં પ્રદાન :-
ગુજરાતના પ્રાચીન ઇતિહાસને લગતી સામગ્રી જેમાં સોલંકી વંશ વિશેનું સળંગ નિરૂપણ જો કોઇ સાહિત્યિક સાધનમાંથી મળતું હોય તો તે છે. આચાર્ય હેમચંદ્રાચાર્ય દ્વારા રચિત સંસ્કૃત મહાકાવ્ય 'દ્વયાશ્રય'. ઇતિહાસકાર તરીકે તેમનું વિવેચન કરીએ તો તેમણે વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, છંદ, કોશ, કાવ્ય,જૈન ધર્મદર્શન,યોગ વગેરે વિષયક પ્રમાણભૂત ગ્રંથોની રચના કરી. વૈજ્ઞાનિકોની માફક પોતાની પાછળ શિષ્ય સમુદાય જેમાં રામચંદ્ર ગુણચંદ્ર, મહેંદ્રસૂરિ, ઉદયચંદ્ર, બાલચંદ્ર વગેરેને તૈયાર કરી ગ્રંથરચનાની પ્રેરણા પૂરી પાડી. તેઓ સામ્પ્રદાયિક સંકુચિતતાથી પર રહી ધર્મસહિષ્ણુ આચાર્ય તરીકે જનસમાજમાં આદરપાત્ર સ્થાન પામ્યા હતા. ગુજરાતને સાહિત્ય અને વિદ્યાક્ષેત્રે માળવાની સમકક્ષ તથા સંસ્કારી બનાવવામાં હેમચંદ્રાચાર્યનો ઘણો મોટો ફાળો રહ્યો છે. તેમના નામને ચિરંજીવ રાખવા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને ઇ.સ. ૨૦૦૩માં 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી' નામ આપવામાં આવ્યું છે. તેમની જ્ઞાનની વિશાળતાને કારણે જ તેમને "કલિકાલસર્વજ્ઞ" (આ કળિયુગમાં બધું જ જાણનાર) નું બિરુદ મળ્યું હતું. પોતાનું સમગ્ર જીવન સાહિત્ય, ધર્મ અને સમાજ કલ્યાણમાં વિતાવ્યા બાદ, વિક્રમ સંવત ૧૨૨૯ (ઇ.સ. ૧૧૭૩) માં ૮૪ વર્ષની ઉંમરે પાટણ મુકામે તેમણે અનશન (સંલેખના) વ્રત ધારણ કરીને સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો. પ્રાચીન ગુજરાતના ઇતિહાસને ગ્રંથબધ્ધ કરીને તેમણે ઇતિહાસની ઉત્તમ સેવા કરી છે.

### સંદર્ભગ્રંથો

૧. શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, બીજી આવૃત્તિ, અમદાવાદ, ઇ.સ.૧૯૭૩.
૨. પ્રજાપતિ મણિભાઇ, ગુજરાતી વિશ્વકોશ, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ઇ.સ.૨૦૦૯.
૩. દેસાઇ હર્ષદરાય, 'અણહિલવાડનું રાજય ,અમદાવાદ, ઇ.સ. ૧૯૭૬ .
૪. શાસ્ત્રી હરિપ્રસાદ,પરીખ રસિકલાલ, 'ગુજરાતનો સ્થાનિક ઇતિહાસ' ગ્રંથ-1, ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ,ઇ.સ. ૧૯૮૫.
૫. વ્યાસ રજની, 'ગુજરાતની અસ્મિતા', અમદાવાદ,ઇ.સ. ૧૯૮૮.
૬. મનસુખલાલ સાવલચંદ મહેતા, 'કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય' ,પ્રથમ આવૃત્તિ ,ઇ.સ.૧૯૩૯.